# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-03-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જામનગરના પશુ રાહત અને પુનર્વસન કેન્દ્ર વનતારાની મુલાકાત લીધી હતી. ત્રણ દિવસના ગુજરાતના પ્રવાસે આવેલા શ્રી મોદીએ સોમનાથ મહાદેવ મંદિરમાં પુજા અર્ચના કરી. તેઓ આવતીકાલે એશિયાઇ સિંહનાં નિવાસસ્થાન ગીર નેશનલ પાર્કમાં સફારી માણશે. ત્યારબાદ વિશ્વ વન્યજીવ દિવસ પ્રસંગે રાષ્ટ્રીય વન્ય જીવ બૉર્ડની સાતમી બેઠકમાં ભાગ લેશે. શ્રી મોદી આ બૉર્ડના અધ્યક્ષ છે.**

**-----------------------------------------------------------------------------------------**

## રાપર વિકાસ કોમો:

રાપર તાલુકામાં 63 કરોડના વિવિધ પ્રોજેક્ટ્સનું સાંસદ વિનોદ ચાવડા અને ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું. આ પ્રોજેક્ટ્સમાં આરોગ્ય વિભાગ દ્વારા 35.34 કરોડની હોસ્પિટલ અને આરોગ્ય કેન્દ્રનો સમાવેશ થાય છે.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા 16 રસ્તાઓના નિર્માણ માટે 21 કરોડની ફાળવણી કરવામાં આવી છે. જયારે,વિવિધ ગામોમાં 33 તળાવના કામો માટે 4 કરોડ 61 લાખ ફાળવવામાં આવ્યા છે. ઉપરાંત બેલા ગામમાં 1 કરોડ 55 લાખના ખર્ચે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવામાં આવશે.

**-----------------------------------------------------------------------------------------**

## વાવેતર:

ઉનાળાનું આગમન થયું છે ત્યારે કચ્છમાં છેલ્લા પંદર દિવસમાં જ ખેડૂતો દ્વારા ૭,૮૬૯ હેક્ટરમાં બાજરી, મકાઈ, મગફળી, તલ, શાકબાજી, ઘાસચારો અને અન્ય ઉનાળુ પાકનું વાવેતર કરવામાં આવ્યું હોવાની વિગતો મળી છે. સૌથી વધુ મગફળીનું ૧,૯૨૦ હેક્ટરમાં વાવેતર થયું છે. આ ઉપરાંત, બાજરીનું ૪૭૩ હેક્ટરમાં, મકાઇનું ૫૦ હેક્ટરમાં, મગનું ૨૦ હેક્ટરમાં, તલનું ૧૯૩ હેક્ટરમાં, ડુગળીનું ૪૦ હેક્ટરમાં, શાકભાજીનું શાકભાજી ૬૨૦ હેક્ટરમાં, ઘાસચારનું ૩,૮૩૩ હેક્ટરમાં અને અન્ય પાકોનું ૭૨૦ હેક્ટર વાવેતર થવા પામ્યું છે.

વિવિધ તાલુકાઓની વાત કરીએ તો અબડાસા તાલુકામાં ૮૧૦ હેક્ટરમાં, અંજાર તાલુકામાં ૪૯૦ હેક્ટરમાં, ભચાઉમાં ૪૪૦ હેક્ટરમાં, ભુજમાં ૨,૬૧૯ હેક્ટરમાં ગાંધીધામ તાલુકામાં ૨૫ હેક્ટરમાં, લખપત તાલુકામાં ૬૭૫ હેક્ટરમાં, માંડવીમાં ૬૩૦ હેક્ટરમાં, મુન્દ્રા તાલુકામાં ૧૦૫ હેકટરમાં, નખત્રાણામાં ૧,૭૫૫ હેક્ટરમાં અને રાપર તાલુકામાં ૩૨૦ હેક્ટર મળીને કુલ ૭,૮૬૯ હેક્ટરમાં વાવેતરનો સમાવેશ થાય છે.

---------------------------------------------------------------------------------------------

## શ્રેષ્ઠ શાળામાં માંડવીની શાળાની પસંદગી:

વર્ષ-2024-25માં જાહેર કરવામાં આવેલી રાજ્યની ત્રણ શ્રેષ્ઠ શાળામાં કચ્છની માંડવી શહેરની ખીમજી રામદાસ કન્યા વિધાલયને તૃતીય સ્થાન પ્રાપ્ત થયું છે. શાળાને પ્રોત્સાહક ઈનામ પેટે રૂપિયા 2 લાખ ફાળવવામાં આવ્યા છે. રાજ્ય કક્ષા અને જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શાળા માટે રાજ્યના શિક્ષણ વિભાગે આ પ્રોત્સાહક ઈનામની જોગવાઈ કરી છે.

શ્રેષ્ઠ શાળાની પસંદગી પ્રક્રિયામાં શાળાઓમાં અપાતું શિક્ષણ,શાળાનું પરિણામ, સહ અભ્યાસ પ્રવૃતિઓ,ગુણોત્સવનો ગ્રેડ,શાળામાં ભૌતિક સુવિધા,લાયબ્રેરી,પ્રયોગશાળા સહિતના માપદંડોનું મૂલ્યાંકન રાજ્ય પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવે છે.

---------------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સિટી-રાષ્ટ્રીય સેમિનાર:

ગાંધીનગરની સંસ્કૃત સાહિત્ય અકાદમી અને કચ્છ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના સંયુક્ત ઉપક્રમે આચાર્ય પીતાંબર પંડિત સંસ્કૃત મહોત્સવનું આયોજન કરાયું છે. જે અંતર્ગત કુલપતિ ડો.મોહન પટેલના અધ્યક્ષસ્થાને આવતીકાલે એક દિવસીય રાષ્ટ્રીય સેમિનાર યોજવામાં આવશે.

-----------------------------------------------------------------------------------------

## જન્મ-મરણ નોંધણી ફીમાં ફેરફારો:

રાજ્ય સરકારે જન્મ-મરણ નોંધણી ફીમાં મહત્વપૂર્ણ ફેરફારો કર્યા છે. મૃત્યુના પ્રમાણપત્ર માટે ફી રૂ.5 થી વધારીને રૂ.20 કરવામાં આવી છે, જ્યારે જન્મના દાખલા માટે ફી 10 રૂપિયાથી વધારીને 50 રૂપિયા કરવામાં આવી છે.

નવા નિયમો અનુસાર, 30 દિવસથી મોડી નોંધણી માટે લેટ ફી 10 રૂપિયાથી વધારીને 50 રૂપિયા કરવામાં આવી છે. એક વર્ષથી મોડી નોંધણી માટે 100 રૂપિયાની ફી લેવામાં આવશે અને આ માટે જિલ્લા મેજિસ્ટ્રેટની મંજૂરી લેવી પડશે. 27મી ફેબ્રુઆરીથી નવા દર અમલી થયા છે.

-----------------------------------------------------------------------------------------

## ક્રિકેટ:

આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટમાં દુબઈમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે મેચ ચાલી રહી છે. ન્યુઝીલેન્ડે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ભારતે 50 ઓવરના અંતે 9 વિકેટે 249 રન બનાવ્યા છે.

ભારત તરફથી શ્રેયસ ઐયરે સૌથી વધુ 79 રન ,જયારે હાર્દિક પંડ્યાએ 45 અને અક્ષર પટેલે 42 રન બનાવ્યા હતા.

ઉલેખનીય છે કે, બંને ટીમ સેમી ફાઇનલમાં પહેલાથી જ પોતાનું સ્થાન બનાવી ચૂકી છે. આ મેચની વિજેતા ટીમ મંગળવારે સેમીફાઇનલમાં ઓસ્ટ્રેલીયા સામે રમશે,જ્યારે પરાજિત ટીમ બુધવારે દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે.

---------------------------------------------------------------------------------------------------